# પ્રકરણ : ૪

# સંપાદિત લોકગીતોનું સાહિત્યિક અને સાંસ્કૃતિક મૂલ્યાંકન

## ૪.૧ ચૌધરી ગીતોમાં લોકભોગ્ય અલંકારોનું નિરૂપણ :

ચૌધરી સમાજના બહુધા ગીતો સગાઈ અને લગ્ન પ્રસંગે ગવાતા ગીતો છે.તેથી તે ફટાણા સ્વરૂપે વધારે પ્રમાણમાં ગવાય છે.તેથી લાડોલાડી કે વેવાઈપક્ષની ટીખળ તેમજ વખાણ માટે ગીતોમાં ઉપમા અલંકારનું પ્રયોજન વધુ પ્રમાણમાં થયેલું જોવા મળે છે.

લાડાની નીંદા કરવા માટે તેઓ તેના શ્યામડા રંગને 'કોલસા ગાડીના અન્જિન' કે 'સીસમના લાકડાં'ની,તો તેના બટુકપણાને 'કાપેલા ઝાડના ખૂંટા'ની ઉપમા આપે છે,જ્યારે લાડીના વખાણ માટે તેના 'કેળાના ફૂલ'ની અને તેની ઊચાઈને 'કેળના પાંદડા'ની ઉપમા આપેલી જોવા મળે છે,

" ગાડી જેહેં અંજૂર દેખાહાય રા મંછો,

કેઇલ્લે જેહેં ફૂલી દેખાહાય યે બેના"

વળી,સજીધજીને આવેલા લાડા કે લાડીના દેખાવના વખાણ કરવા માટે કે પછી ટીખળ કરવા માટે પણ તેઓ ઉપમા અલંકારનો આશરો લે છે,કારણકે તેમના અંગેના વખાણ કે નીંદાને તેઓ વસ્તુ સાથે તેમને સરખાવીને કજૂ કરતા હોય છે,

" રંગેલો ખાટલો સાઈટે રાખીને બોહજે મારું બાયા રા

કનબો જેવો દેખાહાય,

ઉજાયળી હીના તાડ જેવી વદેલી રા બાયા રા,

સરકાઈને બોહજે,

રંગેલો ખાટલો સાઈટે રાખીને બોહજે મારું બાયા રા

કનબો જેવો દેખાહાય,"

અહી લાડાને લાડીથી જરા આઘે ખસીને બેસવા કહેવામાં આવ્યું છે કારણ કે લાડો કણબી જેવો દેખાય છે,જ્યારે લાડી તાડ જેવી વધેલી છે,ને તે પણ શોભા વગરની !

તો તેમણે માંડવો તેમજ પોતાના નાચણાની જગ્યાને આપેલી 'ફૂલાહા વાડી' અને 'કેલાહા વાડી'ની ઉપમાને કઇ રીતે ભૂલાય ? તેઓ ગાય છે,

" કેલાહા વાડીમાં ડોવડઅ વાગે બેના,

ડોવડઅ ઓનાયને નાચા જાહું બેના."

ઉપરાંત તેમના ગામ કે ઘરની સરખામણીમાં પણ હાથવગી ઉપમાઓ તેમને જડી આવતી હોય છે,

" દેખસઅ યે દેખસઅ બેના ઠેડાહાંય જેહેં ગામ યે,

જાચ્ચે યે જાચ્ચે બેના આપળે ખર જાચ્ચે યે,

રઅજે રા રઅજે મંછા તોરે ખર રઅજે રા,

જાચ્ચે યે જાચ્ચે બેના કણબા જેહેં ખર યે.."

તો હોળીગીતોમાં તેમની વિચાર અને કલ્પનાશક્તિ વધૂ ખીલી ઉઠતી જોવા મળે છે.હોળીના રૂપવૈભવને તેમણે બખૂબી રીતે વર્ણવેલો જોઈ શકાય છે.

" હોલીબાઈ યે નાકામાંય કાંટો વા,

જીરઅ્ વા વાય વાદળી ઝીલકે વા."

અહી તેઓ હોળીની નથણી અને એ નથણીના મોતીની ચમકને આકાશમાં ચમકતી વીજળી સાથે સરખાવે છે,જે તેમની કલ્પના શક્તિની ઉંચાઈને સ્પર્શે છે.

કોઈકની સરખામણી કરવા માટે તેઓ પોતાના પરિવેશની વસ્તુઓને ખૂબ સહજતાથી પોતાના ગીતોમાં પ્રયોજી જાણે તેનું એક ઉદાહરણ લઈએ,

" કંબાયડો મારે દેરહો ડોટે વાજતી જામ યે ડોટે વાજતી જામ,

અખીયરો મારે જેઠોહો દૂરથી ડૂલી જાય યે દૂરથી ડૂલી જામ."

અહીં દિયરને કુવાડિયાના છોડની તો જેઠને અઘેડાના છોડની ઉપમા આપવામાં આવી છે.

જે તે પાત્રની કોઈ બાબત પ્રત્યેના લગાવની અતિરેકતાને વર્ણવતી ગીતરચનાઓમાં અતિશ્યોક્તિ અલંકારના દર્શન થાય છે.જેમકે,સગાઈ ટાણે ગોળનું ટોપલું તો લગ્ન ટાણે ચોખાની બાજ લઈને ( ખાવા સારું ) નાસતા લાડાના ચાટાપણાને જે રીતે વર્ણવવામાં આવ્યું છે તેમાં અતિશ્યોક્તિ રહેલી છે,-

"ગુલાણે ચાટો રા મંછો ગુલાણે ચાટો રા,

છીબનઅ્ નેય નાઠો રા મંછો છીબનઅ્ નેય નાઠો રા."

તો હીનાને પામવાની કે પરણવાની જીદ લઈને બેઠલો મંછી,હીનાના ઘરે આવી આવીને પોતાનો પગરસ્તો પાડી દે છે,

"આવી આવીને સીદો રસ્તો પાડી દેનો રા મંછા,

નાય આખે આમે બેના નાય માને રા મંછો,"

આમ કોઈપણ વાતને જરા વિશેષ રીતે રજૂ કરવું હે તો માનવ પ્રકૃતિ સાથે વણાઈ ગયેલી બાબત છે.માટે તેઓ પણ પોતાના અવસરોના આનંદને જરા બેવડીને રજૂ કરે એ તો સ્વાભાવિક છે.તેમની હાટની ખરીદીનો આનંદ અને હાટની સામગ્રીથી ગાડું તેમજ ઘૂસરી વગેરેનું ભાંગી જવું એ ઘણુંબધુ કહી જાય છે,

" આમીદા બાજી મે કાંય કાય લેહું વા,આમીદા બાજી મે લોલ.

આમીદા બાજીમે સાકભાજી લેહું વા,આમીદા ભાજી મે લોલ.

આમીદા બાજીમે ગાડઅ મૂટી પયડ્ વા,આમીદા ભાજી મે લોલ."

અને જેનો અવસર તેમને આવો આનંદ માણવાનું મોકળું મેદાન આપે છે; એ રૂપરૂપના અંબાર જેવા હોળીના વર્ણનને જોઈએ,

" હોલીબાઈ ગીયી લાકડે વા હોલીબાઈ ગીયી લાકડે,

તાંજ દયી માકડે વા તાં જે દયી માકળે "

આમ હોળીનો અવસર જેટલો રૂડો છે એવું જ તેમનું રૂપ પણ અતિ સુંદર છે.માટે જ તો તેને જોઈને મંકોડા કે દેડકો તેનો હાથ પકડી લે છે !

તેઓ અત્યાંનુપ્રાસને પણ બખૂબી પ્રયોજી જાણે છે,મોટેભાગની ગીતરચનાઓમાં અંતેના પ્રાસને જાળવી લેવામાં આવતો  હોય છે.તેનું એક ઉદાહરણ જોઈએ,-

" છેલછેલીયો તારો ઉગે મારે છેલીયા,

ઉજાયળી હીના ઉંગે મારે છેલીયા"

અને છેલ્લે એટલું કહે શકીએ કે તેમના ગીતો ભલે અંલકારોથી સજાવેલા નથી પણ તેનો લય હિલ્લોળ અને શબ્દચિત્રો અલંકારની ખોટને પૂરી કરે છે,-

" જીજંડો ઓરપાયો વડા પાનામાં,

ગીરજા કમરારે ઝીણી હાકાલ,

ગીરજા નાચેહે ખુળખુળ્યા મે."

અર્થાત શુક્રના તારાનું તેજ વડના પાંદડામાંથી હેરિયાની જેમ ધરતી પર વેરાઈ રહ્યું છે અને એવા ઉન્માદક વાતાવરણમાં ગીરજા પોતાના કમરની ઝીણી સાંકળને ખણકાવતી નાચી રહી છે.

## ૪.૨ વિવિધ રસોનું નિરૂપણ :

તેમના ગીતો પ્રસંગોપાત ગવાતા હોય તેમાં હાસ્ય અને કરૂણરસ વિશેષ રીતે વહે છે.સગાઈ કે લગ્ન જેવા પ્રસંગો તો આનંદના પ્રસંગો છે પણ તેના ભેળો વિષાદેય જોડાયેલો છે,કારણ કે સગાઈ કે લગ્ન પછી દીકરી પારકાની થઈ જતી હોય છે.આમ બંને રસો અહીં સાથે વહેતા જોઈ શકાય છે.

સગાઈ કે લગ્નના ફટાણામાં બંને પક્ષ દ્વારા લાડો-લાડી,સાળો-સાળી તેમજ સાસુ-સસરાની ઠેકડી ઉડાવીને નિષ્પન્ન કરવામાં આવતા હાસ્યને માણીએ,

" ગુલાણે ચાટો રા મંછો ગુલાણે ચાટો રા,

સીબનઅ્ નેય નાઠો રા મંછો છાપ્પે જાયને કૂદી કૂદીને ચાટે રા "

આમ અહીં લાડાનું ચાટાપણું તે પણ હદવગરનું;બતાવીને તેની હાસી ઉડાવાઈ છે.તો લાડીના દેખાવને લઈને થતી ટીખળનું એક ઉદાહરણ લઈએ,

" ઊચો રા ઊચો ફાયો કેઇલ્લે પાતરે વદેલો,

બાઠી યે બાઠી હીના ખટો રોપીને વદેલી."

તો જાન લઈને આવી પહોંચેલા લાડાની ઠેકડી ઉડાવીને હાસ્યની તક તેઓ ઝડપી લેતા હોય છે,-

" વાટે વાહ રઅતો આવે રા મંછો,

ગામણી બયાર ખાલી રયની રા મંછા "

વળી,જાન લઈને આવી પહોંચેલા લાડાની જે રીતે મહેમાન ગતિ કરવાની વાત કન્યાપક્ષની બહેનો જે રીતે પોતાના ગીતમાં રજૂ કરે છે,તેમાં પણ ભરપૂર વિનોદ અને વ્યંગ્ય રહેલા છે,

" મંછો ખોડો ખોદડી નાવો યે વડે રુંબાલઅ,

બેના ગતાર માંડણે જાજે યે વડે રુંબાલઅ."

મંછો ખોડો ખોદડી નાવો યે વડે રુંબાલઅ,

બેના ચારઅ નાખણે જાજે યે વડે રુંબાલઅ,

નણંદ વગેરે પણ બાકાત રહેતા નથી.જ્યારે તે જમાયને કલીયો ખવડાવવા માટે આવે છે તે  વખતે થતી તેની ટીખળ જોઈએ,

" સાડી તે ફાડે નાવી જશું તોરે મચકો,

ઘેરે જાયને માગી નેય જશું રઅચી લટકી."

તો વળી ક્યારેક તેમની આ હાસ્ય નીપજાવતી ટીખળો થોડી વેધક બનતી પણ લાગે છે.પણ એવી ટીખળોથી કોઈના મનમાં માઠું ન લાગી આવે તો પણ તેઓ ખ્યાલ રાખે છે,ને તેથી જ તો ગીતના અંતે તેઓ 'હહ્તાયે કયઅ્ મંછા ખીજવાતો નખે રા' પ્રક્તિ રજૂ કરીને અમે આ બધુ મજાક કરવા ખાતર કહીએ છીએ તેથી ખોટું ન લગાડતો એવું કહી દે છે.તેમની આ ટીખળો માંડવામાં ઉપસ્થિત સૌને હાસ્યની સાથે રમૂજ પૂરું પાડતા હોય છે.જેમકે,

" ટાલા ટોઇલ્લી હીના ટાલાય રઅયની યે,

મંછા જુજત્તી હીના ટાલાય રઅયની યે,

પાડો જેહેં હીના ટાલાય રઅયની યે."

આવી જ ટીખળો લાડાને પણ થતી હોય છે,

" ગરજે ગેદડે ગરજાય રયનો કાય મંછો લઅંડો રા ને,

બેના જુજતી ટાલાય રયનો કાય મંછો લઅંડો રા ને,

ગરજે ગેદડે ગરજાય રયનો કાય મંછો લઅંડો રા ને.."

આમ આવા હાસ્યસભર ગીતો માંડવાના વાતાવરણને આનંદમય બનાવી દેતા હોય છે.માટે જ તેઓ વિરહની વેદનાને કારણે રડતી લાડીને પણ બે ઘડી માટે હસી નાખે છે,

" રડતા ની આવડે હીના લઅંડીણે,

રડી સું બતાવઅ હીના લઅંડીણે."

વળી લાડીને લઈને આવતી વખતે ગામની સીમમાં પ્રવેશતાની સાથે કે લાડાના ઘર નજીક આવી પહોરચતા જ તે,આગળ ન ચાલવાની જીદે ચઢતી.ત્યારે ગીતાયરીઓ લાડીની મજાક ઉડાવતી ગીતાયરીઓ સૌને ગમ્મત કરાવતું નીચેનું ગીત રજૂ કરતી હોય છે,

" જાડફી યે હીના ચાલે નાય સીદે રોડે,

છતીરો ગોદો માર રા ફાયા ચાલેહે સીદે રોડે "

તો હોળીગીતોમાં જોવા મળતી કેટલીક પ્રાસયુક્ત રચનાઓ બે ઘડી પોતાની કે બીજાની મજાક કરી આનંદ લૂટવાનું કામ કરે છે,

" આમે આવા નૂનારા હોલીબાયે મોકીન્ના,

આમે આવા નૂનારા ખાલી કોદરા લેનારા,

આમે આવા વાછીટ્ટા,ગડી આયે આછીટ્ટા.."

તેમના શ્રમગીતો હોબીલામાં પણ રમીલાની હળવી મજાક કરતા જઈ,દરેક લીટીમાં રમીલાની વાતો કરતા જઈ કામનો એક લય પ્રગટાવે છે,સાથે પોતાના સખત કામની સાથે રમૂજને ઉમેરીને હળવાશ સર્જે છે,-

" ચંબુલ પાનામાં દારવઅ્ પીદઅ્ યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા.

એચાક ફેચાક ચાલે યે રમીલા હેઇસા,હેઇસા રે...હેઇસા."

હાસ્ય અને રમૂજની વાત કરીએ તો ડોવડા સાથેના નાચણામાં ગવાતા કીરકીયા નખશીખ રીતે હાસ્યરસમાં ડૂબોડીને જાણે રજૂ થતા હોય તેમ લાગે છે,

"ડોવાળ ચાલો છનકાયો રા

બાહલે દેખી મનકાયો રા ચો...વીચ,કિર ...કીચ."

આમ સાળો-સાળી કે હેજો-હેજી પર તેઓ અનેક પ્રકારના મજાક કરતા જઈ નાચણાની મજા લૂંટે છે.

તો બીજી તરફ કરૂણસર પણ ભરપૂર પ્રમાણમાં જોવા ને માણવા મળે છે.પોતાની બાળપણની સખી હવે પોતાને છોડીને પારકાંના ઘરે ચાલી જવાની છે.તેથી પોતાની દોસ્તી અંગેનો વિચાર રજૂ કરતી તેની સખીઓનું ગીત સૌને હ્રદયને સ્પર્શી જનારા હોય છે,

" આપેહે બં દોસ્તી યે,આપેહે બં દોસ્તી યે,

દોસ્તી કેહેં કે છોડે યે કાય આપેહે બેના યે.

બોલતા હારી બોલાય ગ,ચાલતા હારી ચાલાય ગ,

કીડા બરેહે લાગી યે કાય આપેહે બેના યે."

તો લાડીનું રૂદન અને તેની અનુષંગે ગવાતા તેના વિરહના ગીતો આખા માંડવાને આંસુઓથી ભીનો કરી દેતા હોય છે.કરૂણતાની પરાકાષ્ટાને પામતું લાડીનું રૂદન લય અને કાવ્યાત્મક્તાસભર હોય છે,

" **આતા**.. તું રૂપિયાય ફોકો તોરે ડીખરીણે વેચી દેદી રા ને..

આતા.. આજેથઅ તુને હાથામાં હેલઅ પાણી કીડઅ આપી રા ને..

આતા.. આજેથઅ તુને હાથામાં ઠાલઅ પાણી કીડઅ આપી રા.."

આમ લાડી તેને ભેટવા આવનાર સૌ સંબંધીઓ અને પ્રેમી વગેરેને સંબોધીને પોતાની વ્યથા કહી સંભળાવતી હોય છે.ને તેથી તેનું રૂદનમાં વધારે કરૂણાસભર અને હ્રદયસ્પર્શી બને છે.લાડીને સાસરે વળાવતી વેળાનો આ આખો પ્રસંગ વિરહના કરૂણરસથી ભરેલો છે.છેલ્લે લાડી લાડા સાથે વિદાય થઈ જાય ત્યાં સુધી તેનો પ્રવાહ એકસરખો વહ્યા કરે છે,-

" બેના રુલી રુલીને ચાની ગઈ,

બેનીયે બાપાણે માયા છોડી દેદી,

બેનીયે મંછાણે માયા નેય નેદી."

માત્ર લાડીને વિદાય આપતી વેળાએ જ નહીં પણ ખંધાડને તેની સાસરીમાં મૂકીને જતી વખતે પણ આવા જ વિષાદી ભાવો તેમના ગીતોમાં આકાર પામે છે,

" બોહજે રા બોહજે બાયા આમે ગો જાજે હે રા,

રવાય તે રજે રા બાયા યે તો રજે રા."

અને છેલ્લે જ્યારે વિદાય લેતી લાડીને આશ્વાસન કે દિલાસો આપતા જે વાત કરે છે તે વાચીને ભાવકના મનમાં શાંત રસ જન્મે છે,

" સડાકી પાર લીંબડો બેના યાદ રાખી રજે યે,

યાદે યાદે બેના ઘર આવતી રઅજે યે"

આમ અહીં કહેવાયું છે કે સાસરીમાં તારાથી રહેવાય તો રહેજે નહીં તો પાછી આવતી રહેજે.એક મોટું શુકુંન અહીં વાચકના મનમાં અનુભવાય છે.

માત્ર માણસોના જ નહીં પણ પંખીઓના વિરહ ભાવને પણ તેઓ અનુભવી જાણે છે.હોલા વિહોણી થઈ ગયેલી હોલીની લાચારી એક કરૂણાતિંકા બની રહે છે,

" લીલ્લે વાહ્ણે બેહતે હોના ગુટરું ગુ,

સરાણઅ્ પાણી પીતે હોના ગુટરું ગુ,

ચૂ.. ચૂ કદો હોના ગુટરું ગુ,

વાટો પાઈડો હોના ગુટરું ગુ.."

તો ક્યાંક ક્યાંક અદ્ભૂત રસની સામગ્રી પણ મળી રહે છે.ગીતમાં રહેલા વર્ણનની ભવ્યતા અને તેનો લય આસ્વાદ્ય છે,

"હોલીબાઈ યે નાકામાંય કાંટો વા,

જીરઅ્ વા વાય વાદળી ઝીલકે વા."

તો ખાસ કરીને ફટાણાઓમાં અમુક અંશે અશ્લીલતા પણ આવી જતી હોય છે.પણ તે એક ગાળ રૂપે જ હોવાથી તેના બીભત્સ રસને પ્રસંગોના અનુસંધાનમાં ચલાવી લેવામાં આવતો હોય છે,હીનાની દારૂ પીધેલી હાલતની વાત અશ્લીલ રીતે કહેવાય હોવા છતા તે એક ટીખળ પૂરતી સીમિત રહે છે,-

" હુવી રયની પારાહાંય ઓટલે હુવી રયની યે છાને,

ચડી ગનો ઇહલી હરો ચડી ગનો યે છાને,

ટૂટી રઅયનો અરદો કાછડો તૂટી રયનો યે છાને,."

તો બંને પક્ષની ગીતાયરીઓ ફટાણાં ગાતી વખતે જ્યારે શાબ્દિક પ્રહારની સાથેસાથે પોતાનું શારીરિક બળ બતાવવાના મૂડમાં આવી જતી હોય છે,ને ક્યારેક તો તેમની વચ્ચે થોડી ઝપાઝપી પણ શરૂ થઈ જતી હોય ત્યારે તેઓ પોતાના બળની જે વાતો કરે છે એ તેમનો વીરરસ જ તો છે,

"રાંડેહે ચોટનો સાંબાળી રઅજા યે રેલ સાંબાઇળો,

રાંડેહે ચોટનો થરીને કુટુહું યે રેલ સાંબાઇળો"

## ૪.૩ ગીતોમાં પ્રયોજાયેલા પ્રતીક અને કલ્પન :

તેમની સાદા અને સરળ ભાવવાળી રચનાઓમાં કયારેક કલ્પન અને પ્રતીકો પણ મળી આવે છે.હીના કરમદા ખાવા જાય છે ત્યાં તેનો કાસડો ભેરવાય જાય છે જેને કાઢવા માટે લીલી સોટીથી મારવાની વાત કરવામાં આવી છે.અહી લીલી સોટી પ્રેમનું પ્રતીક બને છે.

" કમદે ખાણે ગોય યે હીના કાસડો ફેરવાય ગો કમદા જાલીમાં,

લીલી હોટી લે રા બાયા કાસડો નીકલી જાય કમદા જાલીમાં."

આમ, લવિંગ કેરી લાકડીએ રામે સીતાજીને માર્યા તેમ અહીં લીલી સોટીથી ભલે કાસડામાં મારવાનું કહેવાયું હોય પણ તેનો વાર તો સીધો હીનાના દિલ પર થવાનો છે.

વળી,જુવાનડીનું પહેલું માગુ આવે છે અને તે શણગાર માટે ફૂલ લેવા જાય છે એ સમયે ગામનો ગોવાળ ત્યાં આવી ચઢવાના કારણે તેની જે મનોદશા થાય છે તેનું વર્ણન જોઈએ,

" ઓગુરા ગોવાલ ડોબેહે ટુંગેહે રાખેહે પેલી જ માંગણી હે યે,

બટકાણે ખોલો તાંબીલ પયડો ગોવાલ ટુંગતો યે યે."

આમ,નાયિકાનું ગભરું મન ગોવાળને જોતા તો છળી ઉઠે છે,ને તેના કારણે તેનો ફૂલો ભરેલો ખોળો છૂટી પડે છે.

તો હીમાયરા દેવના સ્થાનકે લાડા કે લાડી પીઠી લગાવતા પહેલા દેવને પૂજે છે ત્યારે દેવી ઝાડની ડાળીએ ડાળીએ રમે છે.આમ પૂજા-અર્ચના કરવાથી દેવીને જે આનંદ થાય છે તેનું વર્ણન પણ પ્રતીકાત્મકતાને પામે છે,-

" થઇડે થઇડે પૂજા પાડે યે બેના,

ડાળે ડાળે દેવી રમે યે બેના"

પોતાનું કામ પડતું મૂકીને પ્રેમીને મળવા ગયેલી નાયિકાની ચોરી,**હેલી ગાર** ( એમ જ પડેલી રહેલી ગાર ) અને શરીર પર પડેલા વેલાના જે ઉઝરડાથી પકડાઈ જાય છે,-

" કાકડઅ્ માટળઅ્ સીરમીલઅ્ યે સીરમીલઅ્ યે,પડી હેલી ગાર પડી હેલી ગાર.

વાડી વેનો તાણાયો યે, તાણાયો યે,જાયણઅ્ બદે ગામ જાયણઅ્ બદે ગામ."

ઘઉંના ખેતરમાં પડેલા મોરને મામા ઘૂઘરી બંધાવે છે,ને પછી એ મોર થૈં થૈં નાચે છે તેનું સુંદર કલ્પન પણ અહીં જોવા મળે છે,-

" મામે વયી ગવારી તાં પડીકો મોર વા તાં પડીકો મોર,

મામે ઠોકી ગુગુરી તેં તેં નાચે મોર વા,તેં તેં નાચે મોર"

## ૪.૪ ગીતોમાં પ્રગટ થતી ચૌધરી સમાજની જીવનશૈલી અને લોકમાનસ :

લોકોગીત એ લોકોનું પોતાનું ગીત છે.કોઈપણ સમાજના જીવાતા જીવનનું પ્રતિબિંબ લોકગીતમાં પ્રત્યક્ષ રીતે ઝીલાતું હોય છે.જે અનુસાર આ ચૌધરી ગીતોમાં તેમની પરંપરા,સગાઈ કે લગ્ન સંસ્કાર,જન્મ સંસ્કાર તેમજ તહેવારોની ઉજવણી અને ધાર્મિક શ્રદ્ધાનું નિરૂપણ આ ગીતોમાં અસરકારક રીતે રજૂ થયું છે.

સગાઈ અને લગ્નની જુદીજુદી રસમ વખતે વગાતા ગીતો જોતા એક બાબત તરત સમજાય જાય છે કે અન્ય આદિજાતિની જેમ તેના આ તમામ રિવાજો પોતીકા છે.ભલે આ સમાજનું માળખું સભ્ય સમાજ જેવું સુવ્યવસ્થિત નહોય,છતાં તે વ્યવસ્થાના એક અજબ વ્યવસ્થાના તાંતણે બંધાયેલો જોવા મળે છે.

આ સમાજમાં થતી સગાઈનું મહત્ત્વ લગ્ન જેટલું જ છે.એકવાર સગાઈ થયઈ ગયા પછી તેને તોડવી મુશ્કેલ છે.માટે જ તો સગાઈની ‘હા’ પાડતા પહેલા એટલે કે એકબીજાને ગમાડતા પહેલા,છોકરા છોકરીને તેમની આ અંગે ‘હા’ છે કે ‘ના’ તે જાણી લેવામાં આવે છે.જો બેમાંથી એકપણ ના પાડે તો સગાઈ ફોક થઈ જાય છે.એટલે અહીં તેઓ છોકરા કે છોકરીને ગીતના માધ્યમે પૂછે છે,

“ તુલ ગમે તે,તુલ ગમે તે,પંગાડ બેસાદે આપેહે બેના,

નાય ગમે તે,નાય ગમે તે,ના પાડી દે આપેહે બેના.”

આમ આ સમાજમાં છોકરા છોકરીનું સ્થાન એકસરખું છે એ વાત પણ સમજાય જાય છે.વળી,સગાઈ ટાણે વડીલો દ્વારા અપાતી શિખામણ પણ એટલી જ મહત્ત્વની છે.જીવનમાં કરકસરનું મહત્ત્વ,ટીપે ટીપે પોતાના જીવનસરોવરને ભરવાની વાત,વડીલોને માન આપવું,સાસુ સસરાને માન આપવું તેમજ એકબીજાના કહ્યામાં રહેવાની જે શિખામણ આપવામાં આવે છે.તેમાં આ સમાજની જીવન પ્રત્યેની ઝીણવટભરી દષ્ટિનો પરિચય કરાવે છે.

સગાઈ ટાણે છોકરા છોકરીને પાટલે ઊભા રાખવામાં આવે છે,અને તેઓ એકબીજાને વરમાળા પહેરાવે છે.આ સમયે ગવાતું એક ગીત જોઈએ,-

" ઉચા નીચી જોડઅ ની સોબે યે બેના,

મંછી લઅંડો બાઠો ની સોબે યે બેના,

તો સરખઅ જોડઅ હોદી નેયે બેના,

મંછી લઅંડો બાઠો ની જુજે યે બેના,

આ ગીત છોકરા છોકરીને સમાજે આપેલી સ્વતંત્રતાને અસરકારક રીતે બતાવી આપે છે.

સગાઈ ટાણે સૌને પરંપરા મુજબ ગોળ ખવડાવી મીઠું મોઢું કરાવવામાં આવે છે.ખાખરાના પાનમાં આપવામાં આવતા ગોળનું વર્ણન જોઈએ,

" કુઈનો જેહેં ગુલ્લડો ફેરવાયો બેના,

કેઈલ્લે જેહેં ફૂલી દેખાહાય યે બેના"

આમ પરિસ્થિતિના માર્યા લોકો આવા શુભ પ્રસંગે અખાદ્ય ગોળ ખવડાવવા માટે મજબૂર બનતા હોય છે તે જોઈ શકાય છે.ભલે અખાદ્ય ગોળ ખવડાવે પણ તેમની સગાઈનું મહત્ત્વ અડીખમ છે,તે વિકટ સમયે પણ તૂટવાની નથી.એટલે જ તો ગીતાયરીઓ ગા છે,

" પીણઅ પીતા પીવાય ગ આમે કા કરજે બેના,

પાટને ચડતા ચડાય ગ આમે કા કરજે બેના,

આ સમાજમાં દહેજ પ્રથાનું દૂષણ નથી.હાં,હદેજ તરીકે ૪૫ રૂ.પૂરા / - લેવામાં આવતા,તેપણ લાડીના પિતા પાસેથી નહીં પણ લાડાના પિતા પાસેથી.આ અંગેનું ગીત જોઈએ,-

"રૂપિયા બં વાલા લાગા ગુમાન બાયા,રૂપિયા બં વાલા લાગા રા ને,

ડીકરીણે નોકમાં પાડી ગુમાન બાયા,ડીકરીણે નોકમાં પાડી રા ને,

જોકે અહીં રૂપિયાના બદલે દીકરીને આપી દીધાના દુઃખને રજૂ કરવામાં આવ્યું પણ તે સમાજની પરંપરાને બતાવી આપે છે.

તો મહેમાનો પ્રત્યેનો આદરભાવ પણ તેમનો ગજબનો છે.માટે સગાઈ કે લગ્ન વખતે તેઓ જાનને વળાવવા અડધે સુધી જાય છે.ને લગ્ન વખતે તો ઘરે સુધી કન્યાને મૂકવા આવે છે.જોકે તે સમયે પણ તેમની વચ્ચે ફટાણાની ચકમક ઝરતી હોય છે,ને તે પણ રુચિકર બનાવવા માટે જરૂરી છે.

દરેક કામમાં તેમને બીડી,તમાકું અને દારૂ કે તાડી તો  જોઈએ જ.સમાજે તેને પોતાના ખાનપાનમાં ખૂબ સહજતાથી સ્વીકારી લીધું છે.માટે તેની સ્પષ્ટ માંગણી કરતા તેઓ ગાય છે,

“ આમાહાંય જુજે તીયાર બીડી હીના લઅંડે યે,

ઉજલઅ તમાખઅ હેંગલાહાય પાતરઅ હીના લઅંડે યે,

અને તેમની આ લિજ્જતમાં બીજાને પણ સહભાગી બનાવ્યા વગર તેઓ રહી શકતા નથી.માટે તેઓ નીચેનું ગીત વહેતું મૂકે છે,

“ તાડાય કા તાડી રા બાયા વડાય કા પાન વેઇલ્લામાં,

તાડી જે પીણે યે હીના આવજે માંડવામાં,

અને આ તમાકુ કે દારૂના માધ્યમે તેમની મિત્રતા પણ બંધાતી હોય છે.ને સંસારી જીવનમાં પડયા પછી એ દોસ્તીની સાથે દારૂની લત પણ અમુક અંશે તો છૂટી જ જતી હોય છે,આ અંગે માણીએ એક ગીત :

“ ચીફટે મોવડે હરો પીદેલો જોડીદાર રા બાયા,

હરો પીયને જોડી હોદેલી જોડીદાર રા બાયા,

હીના યેની જોડી તુટેલી જોડીદાર રા બાયા…”

સમાજના દરેક કામોમાં તેઓ એકબીજાને સહભાગી થતા હોય છે.પ્રસંગોપાત એકબીજાને મદદ કરવામાં તેઓ માને છે.તેમની આ ભાવનાનું દર્શન નીચેનું ગીત કરાવે છે,-

" મગાન ડોવડઅ ભાડા આખે રા બેના વરાડામાં,

મગાન તી કાય ડોવડઅ કથઅ રા બેના વરાડામાં"

પોતાના સામાજિક પ્રસંગોમાં તેઓ સૌને ભાવભીનું આમંત્રણ આપે છે,ભૂલથી પણ કોઈ બાકાત રહી જતુ નથી.આ આમંત્રણ આપવાની પણ તેમની પોતાની નોખી રીત છે,-

" રંગુલા ચોખા ગામમાં બેના વેરુલા કા નાય મા બેના યે,

ચોખા વેરતી મારૂ બેના ડોવીડો આવતો બેના યે,

ડોવડા વગાર મારૂ બેના માંડવો હુનો બેના યે."

ને આવા પ્રસંગોએ નાચણાની જમાવટ કરવી એ તો તેમના લોહીમાં વણાયેલી વસ્તુ છે.વાદ્યોના સૂર સાંભળતાની સાથે તેમના પગ થરકાટ અનુભવે છે.તેમને પોતાના વાદ્યોના સૂર અને લયની પણ વિશેષ સમજ છે.તેના ભાવોને તે બખૂબી પકડી જાણે છે અને તે રીતે પોતાનો નાચણાનો લય સાધે છે,-

" ડોવડઅ હારઅ હારઅ જ વાગાડ રા કાય બાયા હારઅ જ વાગાડ રા,

ડોવડા સંદે સંદે જ નાચુહુ યે કાય બેના સંદે જ નાચુહુ યે,

અને આ નાચણાનો અવસર તેઓ કદી ચૂકતા નથી.વણબોલાવ્યે તેમના પગ તેમને ત્યાં ખેંચી જાય છે.આ અંગેની અભિવ્યક્તિ જુઓ,-

" કેલાહા વાડીમાં ડોવડઅ વાગે બેના,

ડોવડઅ ઓનાયને નાચા જાહું બેના."

આર્થિક મુશ્કેલીઓને વેઠતા અને એક સમયે વાહનવ્યવહારથી અજાણ એવા આ સમાજમાં લાડાની જાન ચાલતી જ લાડીના ગામ સુધી જતી હતી એ પણ જોઈ શકાય છે.લાડાની જાનને માંડવામાં પ્રવેશે તે પહેલા ઝાંપો પકડીને રોકવામાં આવતી,તો લાડીને સંતાડી દેવામાં આવતી.વરપક્ષની બહેનો તેને શોધી લાવીને લગ્નના પહેરણો પહેરાવતી.ને આ કામ લાડીની નણંદ કરે છે.તેથી તો કન્યાની સખીઓ નીચેનું ગીત ગાતી હોય છે,

" રીત કરતા આવડેની ને રીત કરને દડી આવી યે જસું બદાકડી,

તીયાર કરતા આવડેની ને તીયાર કરને દડી આવી યે જસું બદાકડી,

ગાઠી બાંદતા આવડેની ને ગાઠી બાંદણે દડી આવી યે જસું બદાકડી "

તો વરવહુને મંડપની ચોરીમાં નહી પણ ચૂલાના અગ્નિની સાક્ષીએ ફેરા લેવડાવવામાં આવતા.જે આ સમાજની પોતાની એક ઓળખ સમાન રીત હતી.આ સમયે નીચેનું ગીત રજૂ થતું,-

" ચૂના ચમખી ફીરાવે ફીરતો નખે ફાયા

ચૂના ચમખી ફીરાવે ફીરી નેજે હીના"

તેમના લગ્નનો સૌથી મહત્ત્વનો અને હૃદયદ્રાવક પ્રસંગ એટલે કન્યા વિદાય. આ ટાણે માંડવામાં ઉપસ્થિત તમામ માનવહૈયામાં લાગણીનો ઉભરો ઉભરાઈ આવે છે,લાડીનું કરૂણરૂદન સાંભળીને તેમની આંખો ભીની થઈ જતી હોય છે.સગા કે પારકાં સૌ કોઈને લાગણીશીલ બનાવી દેતો આ પ્રસંગ છે.કન્યાના ચાલ્યા જવાથી ઘરની રોનક જાણે જતી રહે છે.ઘરના તમામ કામો અને સભ્યોને સાચવી લેનારી દીકરી જ્યારે સાસરે જઈ રહી છે ત્યારે ગીતાયરીઓ જે ગીતો ગાય છે એ સૂચક છે.માણીએ એક ગીત –

" ચૂને બેહનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

કૂવે જાનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

ખેત જાનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

આંગણઅ વાલનારી ચાલી યે ચંપા દાયા નાગે તે રડુ જ યે,

વળી યુવાનીમાં પ્રેમ ન થાય તે કેમ સંભવી શકે ? પણ બાળપ્રેમી સાથે પરણવાની ઇચ્છા બધાની જ કંઇ પૂરી થતી નથી.રંગીન જુવાનપણાની એ મજા લગ્નના દિવસથી પૂરી થઈ જતી હોય છે.આ અંગે લાડીની ટીખળ કરવા ગવાયેલું ગીત જોઈએ,-

" ગામણે માટીહાય હીના પાને ખાદેલે યે,

પાને ખાદલે હીના આજે દીહી યે,

ગામણી દોસ્તી હીના આજે વરહે યે,

હાટે ફીરીનઅ હીના આજે વરહે યે.."

સાસરીમાં પણ કન્યાને સંઘર્ષ કરીને જ જીવવાનું હોય છે.તે અંગેનો ચિતાર આપતા ગીતો જોઈએ.

" તો છળીનઅ પાછઅ છળાવી આપહે બેના યે,

નાય ગમે તે યેતી રઅજે યે આપહે બેના યે,

તો દલીનઅ પાછઅ દલાવી આપહે બેના યે,

નાય ગમે તે યેતી રઅજે યે આપહે બેના યે,

આમ સાસુ વહુના હાથનું કામ ન ગમવાના કારણે તેને ફરી એ કામ કરાવતી હોય છે.વળી ખેતી જેવા અન્ય કામોમાં પણ તેણે હાથ આપવાનો હોય છે.તેથી જ તો વરપક્ષની ગીતાયરીઓ ગાય છે,-

" બાયા ગહ યે બેના બેન મસીને ચાલે હે,

હાકાલ ઉઠીને હીના પાય વાલા લે જાહુ યે,

પાવડો ખેચતી હીના બ રહે હે રખે મા.."

જો કે સાસરીમાં પણ વહુને દીકરીની જેમ જ રખાતી હોય છે.તેની પ્રસૂતિ પણ સાસરીમાં જ થતી હોય છે.ગામ કે ફળિયાની અનુભવી દાયણો તેનો પ્રસવ કરાવતી હોય છે.

આ સમાજના લોકો અથાગ શારીરિક પરિશ્રમ કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરતા હોય છે,આ વાતને હાલરડામાં સુંદર રીતે વણી લેવામાં આવી છે,-

" આબોહો ગીયો ડોગાલામાં આયોહો ગીયી કમારી,

લીલ્લા પાતરા પીંજરામાં હુવી કા જાજે ડીકા લઅંડા.

આબોહો ગીયો બજારે,આયોહો ગીયી ખેતારે,

લીલ્લા પાતરા પીંજરામાં હેવી કા જાજે ડીકા લઅંડા."

આ સમાજ પ્રકૃતિ પૂજક છે.કુદરતમાં જ પોતાના ઇશ્વરનો સાક્ષાત્કાર કરનારો આ જનસમૂહ પ્રકૃતિના ખોળે વસેલા તેમના દેવોને પૂજે છે.પોતાના જીવનમાં સુખશાંતિ બની રહે,માલ મિલકતમાં વધારો થાય અને મુશ્કેલીઓ દૂર થાય તે માટે તેમાં દેવ સ્થાનકે હરખી લઈને જાય છે.માડી કે દેવ પ્રત્યે તેમને અતૂટ શ્રદ્ધાભાવ છે તે અહીં જોઈ શકાય છે,-

" દેવાહાંય ડોવડી વાગે ને આપળે બદે આનાંદ રહું યે,
દેવલીમાયડે મેળામાં જાહું ને હીચકામાં બેહી જાહું યે,
હીચકામાં બેહી જાહું ને સંગાયરે હેરી નેહું યે."

તેમનો સૌથી મોટો તહેવાર એટલે હોળી.આશરે પંદર વીસ દિવસ અગાઉથી તેઓ તેની તૈયારીમાં પડી જાય છે.સાથે તેની આગોતરી ઉજવણી રૂપે ફાગણની ચાંદની રાતોમાં ફાગ અનેક પ્રકારની ખરીદી કરે છે,અને જો સંજોવોવસાત ખરીદી ન થઈ શકી હોય તોપણ તેઓનો આનંદ કે ઉત્સાહ વિલાતો નથી.એ અંગે જોઈએ એક કર્ણમધુર રચના -

" હાડલી વાટો હેય બી ને વા દેવી રડતી રય બી નેય,

હાગાય હીલટે બળબળે વા દેવી નાચે ખુળખુળ,

હાડલી વાટો હેય બી નેવા દેવી રડતી રય બી નેય,

હાગાય હીલટે બળબળે વા ઝીણી નાચે ખુળખુળ..”

અગાઉના પ્રકરણમાં સમાવિષ્ટ થયેલા ગીતો પરથી પણ એ બાબત સમજાય છે કે આ સમાજે હેજો- હેજી કે સાળો - સાળી વગેરે પાત્રોમાં, સમાજે પોતાની સુવ્યવસ્થાના ભાગરૂપે તેમના સંબંધોને છૂટછાટ આપી છે,જેમની વચ્ચે લગ્ન પણ શક્ય છે.માટે કીરકીયા જેવા ગીતપ્રકારમાં તેમના અંગે ભરપૂર મજાક થતી હોય છે.

તો આ સમાજ પણ અન્ય સમાજોની જેમ જ્ઞાતિભેદમાં માનનારો સમાજ છે.તેમને પોતાની પેટાજાતિ સાથે પણ તે નડે છે.તેમની આ માન્યતા અંગેનું ગીત જોઈ હું મારી વાત પૂરી કરું છુ,-

“ આમારે ગામમાં આવજે ચંપા લાલ કાસડો પોવાડું યે,

લાલ કાસડો પોવાડું ચંપા આગાલ પાછાલ ચાલાડું યે,

આગાલ પાછાલ ચાલાડું ચંપા ફંગજો માટી રાખાડું યે,